મુંબઈ સમાચાર

મુંબઈ, મંગળવાર, તા. ૨૪-૧-૨૦૧૨

# સંસદીય લોકશાહી: બ્રિટન તરફથી સપ્રેમ!

ફોકસ

જશવંત બી. મહેતા

**આપણી** જેમ અમેરિકાએ પણ સમવાયતંત્ર અપનાવેલું છે. તેમાં બધા મળીને કુલ પચાસ અમેરિકી રાજ્યોનો સમાવેશ થાય છે. રાજ્યકક્ષાએ પણ વહીવટી વડા તરીકે દરેક રાજ્યના ગવર્નર પ્રત્યક્ષ મત દ્વારા ચૂંટાય છે. જ્યારે આપણે ત્યાં રાજ્યકક્ષાએ વહીવટી સત્તા મુખ્ય પ્રધાન ભોગવે છે. રાજ્યપાલ (ગવર્નર) રાષ્ટ્રપ્રમુખની માફક, ફક્ત નામ પૂરતા જ વડા તરીકેનું સ્થાન ભોગવે છે. રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા વડા પ્રધાનની ભલામણના આધારે થાય છે, પણ વાસ્તવમાં રાજ્યપાલની જગ્યાઓ પૂરવા માટે કેન્દ્રનો સત્તાધારી પક્ષ બહુધા પોતાના જ પક્ષના નિવૃત્ત થયેલા (અથવા જેને ફરજિયાત નિવૃત્તિ આપવા ઇચ્છતા હોઇ એવા) રાજકારણીઓને અથવા પોતાને અનુરૂપ નીવડેલા નિવૃત્ત સનદી નોકરોને ઠેકાણે પાડવા ઉપયોગ કરે છે. ફ્રાન્સે અપનાવેલી પ્રમુખશાહી લોકશાહીમાં પ્રમુખની ચૂંટણી સીધા મતદાન દ્વારા થાય છે. ચૂંટાયા પછી એનો હોદ્દો નિયત સમય માટે હોય છે. પ્રધાનમંડળ એના અધ્યક્ષપદ હેઠળ મળે છે. વડા પ્રધાનની વરણી પ્રમુખ કરે છે. પ્રધાનમંડળના અન્ય સભ્યોની નિમણૂકની ભલામણ વડા પ્રધાન દ્વારા રાષ્ટ્રપ્રમુખને કરવામાં આવે છે. પ્રધાનમંડળની રચના, અમેરિકાએ અપનાવેલી પ્રમુખીય શાસન પદ્ધતિ પ્રમાણે, સંસદની બહારથી કરવામાં આવે છે. જો પ્રધાનમંડળનો સભ્ય સંસદનો સભ્ય હોય, તો તેણે સંસદમાંથી રાજીનામું આપવું પડે છે, પરંતુ પ્રધાનમંડળનો સભ્ય બન્ને ગૃહોમાં હાજરી આપી શકે છે અને ઇચ્છે તો સંસદને સંબોધી પણ શકે છે. પ્રધાનમંડળ માટે સંસદનો વિશ્વાસ ધરાવવો જરૂરી છે. (અમેરિકામાં પ્રધાનો સંસદમાં હાજરી આપી શકતા નથી અને સંસદનો વિશ્વાસ મેળવવો જરૂરી નથી) ખરડાઓ રજૂ કરવાની કે પસાર કરવાની કે કરવાની સંપૂર્ણ સત્તા સંસદને આપવામાં આવી છે. પણ જો ખરડા સાથે પ્રમુખ સંમત ન હોય તો ખરડા પર ફેરવિચારણા કરવા માટે તે ખરડો પાછો સંસદને મોકલવાની પ્રમુખને સત્તા છે. અગત્યના ખરડાઓ ઉપર લોકમત લેવાની પણ પ્રમુખને છૂટ આપવામાં આવી છે. આ ઉપરાંત ઉચ્ચ કક્ષાની મહત્ત્વની નિમણૂકો કરવાનો હક (જેમાં એલચી, લશ્કરી વડા તથા સનદી અધિકારીઓનો સમાવેશ થાય છે) પ્રમુખને છે. તેમને સંસદનું વિસર્જન કરવાનો પણ અધિકાર આપવામાં આવ્યો છે. આવો અધિકાર અમેરિકન પ્રમુખને નથી આપવામાં આવ્યો. વડા પ્રધાનનો દરજ્જો મુખ્યત્વે સરકારના મુખ્ય વહીવટકાર તરીકેનો ગણી શકાય.

આપણું બંધારણ ઘડતી વખતે પ્રમુખશાહી પદ્ધતિના લાભાલાભ વિશે ચર્ચાવિચારણા જરૂર થઇ હતી. પણ સંસદીય પદ્ધતિ અપનાવવામાં બ્રિટિશ પદ્ધતિ સાથેની આપણી પરિચિતતાએ બહુ મોટો ભાગ ભજવ્યો છે. આ સંદર્ભમાં બંધારણસભાના અગ્રણી સભ્ય શ્રી કનૈયાલાલ મુનશીએ જણાવ્યું હતું કે અમારામાંના મોટાભાગના સભ્યોને બ્રિટિશ પદ્ધતિ સર્વોત્તમ હોવાનું જણાયું હતું. આ અનુભવ પછી શા માટે આપણે આપણી પરંપરાથી પાછા વળીને નવો અખતરો કરવો જોઇએ. શ્રી એમ. સી. ચાગલા (જેમની ગણના ભારતના અગ્રગણ્ય કાયદાશાસ્ત્રીઓમાં થતી હતી)ના મંતવ્ય પ્રમાણે 'સંસદીય લોકશાહીની પસંદગી કરવાના મુખ્ય કારણમાં આઝાદી પહેલા આપણે ત્યાં કેન્દ્ર અને રાજ્યોની ધારાસભાઓની કાર્યવાહી બ્રિટિશ પદ્ધતિ અનુસાર થતી હતી, અને આપણે તે પદ્ધતિથી પૂરેપૂરા પરિચિત હતા તે છે. એક જ ચૂંટાયેલી વ્યક્તિને સર્વોચ્ચ સ્થાન સોંપવામાં આપણને રાજાશાહીની યાદ સતાવતી હતી. હવે પછીના લેખમાં 'અસ્થિર સરકાર' વિષે ચર્ચા કરશું.

(ક્રમશ:) ■